# Gujarat Industrial Development Corporation


**(A Govt. of Gujarat Undertaking)**
Office of the Regional Manager, "Navsarjan Building",
Opp. Swami Narayan, Gurukul, Gondal Road,
Rajkot. 360002. Phone No: 0281-2362701
Web: www.gidc.gov.in Email: rmrjt@gidcgujarat.org


# Advertisement of E-Auction (GIDC)

An Opportunity to be in GIDC -Gujarat
E-Auction of GIDC Plots

| | |
|---|---|
| Duration for registration of the Bidder and payment of EMD and Admin charge | **Dtd:- 10/12/2021 to 24/12/2021** |
| Admin charge | Admin charge for each bid is **Rs. 1180/-** For **General**<br>Admin charge for each bid is **Rs. 590/-** For **OTP** |

| Tender No. | Name of Estate | Property Type | Plot No. | Area (Sq. Mt.) | Base Price | 25% EMD (In Rs.) | Auction date and Start Time | Let-long |
|---|---|---|---|---|---|---|---|---|
| **1** | **Dhoraji** | **Commercial ( Reserve for OTP Category )** | **29** | **750.00** | **9,00,000/-** | **2,65,500.00 Including 18% GST** | **29/12/2021 11.00 AM** | **21.785471, 70.480751** |
| 2 | Dhoraji | Commercial | 4/A | 3116.00 | 46,74,000/- | 13,78,830.00 Including 18% GST | 29/12/2021 11.30 AM | 21.784094, 70.476971 |
| **3** | **Lodhika** | **Commercial ( Reserve for OTP Category )** | **C-544/1** | **950.00** | **80,75,000/-** | **23,82,125.00 Including 18% GST** | **29/12/2021 12.00 AM** | **22.239312, 70.670902** |
| **4** | **Lodhika** | **Commercial ( Reserve for OTP Category )** | **C-544/2** | **950.00** | **80,75,000/-** | **23,82,125.00 Including 18% GST** | **29/12/2021 12.30 PM** | **22.239302, 70.671062** |
| 5 | Vaghasiya | Industrial | 19 | 1571.80 | 25,14,880/- | 6,28,720.00 | 29/12/2021 01.00 PM | 22.648820, 70.959189 |
| 6 | Vaghasiya | Industrial | 20 | 1159.95 | 18,55,920/- | 4,63,980.00 | 29/12/2021 01.30 PM | 22.649334, 70.959056 |
| 7 | Vaghasiya | Industrial | 21 | 1219.05 | 19,50,480/- | 4,87,620.00 | 29/12/2021 02.00 PM | 22.649620, 70.958991 |

- For further information about registration and participation, please read details on (n) code website https://e-auction.nprocure.com/ or GIDC website www.gidc.gujarat.gov.in or mail on **rmrjt@gidcgujarat.org or call on 9099041630.**
- Timelines, notifications, updates and other details for the e-auction process are available on the website of www.gidc.gujarat.gov.in
- The bidder/applicant shall have to register first on given website https://e-auction.nprocure.com/. After completion of the registration a bidder can further process for the payment of admin charge and EMD. An applicant is require to upload all necessary documents at the time of payment of EMD and Admin charge.
- The applicant is require to register and submit their proposal on https://e-auction.nprocure.com/from **Dt. 10/12/2021 at 11:00AM to Dt. 24/12/2021 at 17:00 PM**
- The auction Process will be initiated as per schedule mentioned above in the advertisement.
- For Any queries and clarifications please contact Regional Manager, GIDC, Rajkot.
- Individual bid should be submitted for individual plot offer with individual admin charge and EMD.
- During this period and procedure GIDC has rights to change or amendment in auction procedure and timeliness, it will be published on GIDC website www.gidc.gujarat.gov.in and (n) code website https://e-auction.nprocure.com/ for bidder acknowledgement.
- The bidders are requested to check the GIDC website and (n) code website periodically during the auction Process.
- In Above Table **Sr. 1, 3 and 4** plots are under Reserved only for **OTP category (SC.ST.OBC.Ex. Army & PH)**.
- **18% GST is applicable on final price of Commercial plot/property.**

**Regional Manager**
**GIDC, Rajkot**

(જરૂરી રકમના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું, નોટરાઇઝડ)

# બાહેંધરી તથા એકરારનામું

આથી હું/અમો નીચે સહી કરનાર (ઓફરદારનું પૂરું નામ).......................................................
સરનામું ..........................................................................................................................
.......................................................................................................................................
ટેલિફોન નં..................................... મોબાઇલ નં.................................................. ફેકસ નંબર......................................................મે..........................................................................
માં હોદ્દો .............................................................ની રૂએ ટેન્ડર નંબર ................................
માં ઓનલાઇન ઓફર/બીડ અંકે રૂા................................. (શબ્દોમાં ......................................
............................................ ઓફર આપેલ છે. તથા ટેન્ડર ફોર્મમાં જણાવેલ ઇ-ટેન્ડર કમ ઇ-ઓકશનની શરતો તથા ટેન્ડર સાઇટોની શરતોને લગતી તમામ સૂચનાઓ તથા ટેન્ડરની તમામ શરતો, નિયમો સહિતની બાબતો અમોએ પૂરેપૂરી વાંચી, સમજી, વિચારી અને ચકાસી છે. જે અમોને કબૂલ મંજૂર છે. સદરહુ ટેન્ડરની તમામ શરતો પ્રમાણે વર્તવાની તથા જણાવ્યા મુજબના નિયમોનુસારનાં ચૂકવણાં સમયસર કરવા સહિતની અમો બંધનકર્તા હોવાની સોગંદપૂર્વક બાહેંધરી આપીએ છીએ.

સહી કરનારનું નામ તથા હોદ્દો :-..............................................
સંસ્થાનું નામ અને સિકકો: :-..............................................

સંસ્થાનું સરનામું/ સિકકો :-..............................................

તારીખ:-

# -:: ઓનલાઇન ઇ-ટેન્ડર-કમ-ઇ-ઓકશનની શરતો (ભાગ-૧) ::-

## ટેન્ડર નં..

૧. ઇ-ટેન્ડર કમ ઇ-ઓકશનમાં ભાગ લેવા માટે વેબ-સાઇટ https://e-auction.nprocure.com/ પર સૌ પ્રથમ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જો અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ હોય, તો ફરીથી કરાવવાનું રહેશે નહીં. ત્યાર બાદ જ સદર વેબસાઇટ મારફતે (https://e-auction.nprocure.com/) ઇ-ઓકશનમાં ભાગ લેવાની કાર્યવાહી કરવાની રહેશે.

૨. નિગમની નીતિ પ્રમાણે વહીવટી ચાર્જ તેમજ ઇ.એમ.ડી. ભરેલ નહિ હોય તેવું ટેન્ડર ગ્રાહ્ય રાખવા પાત્ર રહેશે નહીં, જેથી ઇ-ઓકશનમાં ભાગ લઇ શકાશે નહીં.

૩. રજિસ્ટ્રેશનની ઓન લાઇન પ્રક્રિયામાં ટેન્ડરર ધ્વારા અપાયેલ મોબાઇલ નંબર તથા ઇ-મેઇલ એડ્રેસ રજીસ્ટર્ડ મોબાઇલ નંબર તથા રજીસ્ટર્ડ ઇ-મેઇલ એડ્રેસ તરીકે રહેશે. કોમ્પ્યુટર જનરેટેડ પત્રોને કે સંદેશાઓને પત્ર-વ્યવહાર તરીકે ગણવાના રહેશે. આવા રજીસ્ટર થયેલ મોબાઇલ નંબર કે ઇ-મેઇલ એડ્રેસમાં ફેરફાર કરવામાં આવે તો તેની જાણ કરવાની તથા જી.આઇ.ડી.સી.માં અપડેશન કરાવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.

૪. ઇ-ઓકશન મોડયુઅલ અંતર્ગતના તમામ સ્ટેજમાં ચુસ્તપણે તારીખ તથા સમયનું પાલન કરવાનું રહેશે.

૫. ઇ-ઓકશન માટે ટેન્ડરર ધ્વારા રજીટ્રેશન કર્યા બાદ વહીવટી ચાર્જ તેમજ EMD ની રકમ ભરપાઇ કરવાની રહેશે. જેમના ધ્વારા જે-તે મિલકતનો વહીવટી ચાર્જ તેમજ EMD ની રકમ ભરપાઇ કરેલ હશે તેઓ નિયત તારીખ અને સમયે જાહેર હરાજીમાં ભાગ લઇ શકશે. જાહેરાતમાં દર્શાવેલ તારીખથી રજીસ્ટ્રેશન પ્રક્રિયા ચાલુ થઇ જશે.

૬. ટેન્ડર ભરવાની સમય મર્યાદામાં અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD)ની રકમો ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ અને નેટ બેન્કીંગથી માત્ર ઓનલાઇન પેમેન્ટથી ભરપાઇ કરી શકાશે.

૭. ઇ-ઓકશન અંગે માંગ્યા મુજબની વિગતો ઓનલાઇન ભરી ડોકયુમેન્ટ સહિત ટેકનીકલ બિડ સમય મર્યાદામાં વેબસાઇટ પર અપલોડ કરવાના રહેશે.

૮. દરેક મિલકત માટે ઇ-ઓકશનનો સમયગાળો ૧૫ મીનીટ રહેશે. એટલે કે, જાહેરાતમાં દર્શાવેલ તારીખ અને સમયે ઇ-ઓકશનની પ્રક્રિયા શરૂ થઇ જશે. ઇ-ઓકશનની પ્રક્રિયા દરમ્યાન આખરી ૦૨ મીનીટમાં જો કોઇ બીડ મળશે તો ઓકશનનો સમયગાળો વધુ ૦૨ મીનીટ માટે લંબાઇ જશે. આવું મહત્તમ 03 વખત થઇ શકશે. ત્યારબાદ ઇ-ઓકશન કલોઝ કરવામાં આવશે.

૯ ઓફરદારે ટેન્ડરના સંદર્ભે ધંધાકીય બાબતો અંગે નીચે જણાવ્યા સહિતના જરૂરી પૂરાવા રજુ કરવાના રહેશે.

૧૦. જે બિડરોએ ઇ-ઓકશનમાં ભાગ લેવા માટે વહીવટી ચાર્જ તથા ઇ.એમ.ડી.ની રકમો ભરેલ હશે, પરંતુ જો તે બિડરો ધ્વારા ઇ-ઓકશનીંગ શરૂ થાય ત્યારે મિનીમમ ઓફર પ્રાઇસ મુજબની લઘુત્તમ વધારા સહિતની પ્રથમ બિડ ભરાશે નહિં, તો તે બિડ પ્રોસેસમાં આવશે નહીં.

૧૧. જે તે ટેન્ડરમાં મિનીમમ ઓફર પ્રાઇઝ ઉપર ઇ-ઓકશન દરમ્યાન બોલી/ઓકશન તરીકે પ્રત્યેક વખતે જાહેરાત મુજબ જે તે ટેન્ડરના નિયત કરેલ લઘુત્તમ વધારા સાથે કે તેના ગુણાંકમાં બોલીની રકમ બિડ કરવાની રહેશે.

૧૨. ઇ-ઓકશનની પ્રક્રિયા દરમ્યાન બિડ પ્રક્રિયામાં ભાગ લેતા કોઇપણ બિડરનું નામ ડિસ્કલોઝ (જાહેર) થશે નહિં. માત્ર જે તે બિડર પોતે જ તે બિડમાં હાઇએસ્ટ બિડર હોવાનું પોતાના લોગ-ઇનમાં જાણી શકશે.

૧૩. ઓનલાઇન ઓકશનની પ્રક્રિયા સર્વર રિસ્પોન્સ ટાઇમ, ઇન્ટરનેટ સ્પીડ, સિસ્ટમ કેપેસીટી વગેરેને આધારિત હોઇ, બિડીંગ કરવા માટે બિડીંગ પૂર્ણ થવાની છેલ્લી મિનિટ સુધી રાહ જોવી હિતાવહ નથી. દરેક વખતે બિડ કરતા અગાઉ વેબ પેજ રિફ્રેશ કરવું હિતાવહ છે. છેલ્લી મિનિટમાં કરવામાં આવેલ બિડીંગ ને લીધે જો કોઇ પ્રશ્નો ઉદ્દભવે તો આ બાબતે જી.આઇ.ડી.સી.નો નિર્ણય સર્વમાન્ય ગણાશે.

૧૪. ઇ-ઓકશનના અંતે જે તે ટેન્ડરમાં આવેલ મહત્તમ ઓફરની સક્ષમ સત્તાની મંજૂરી અંગે આગળની કાર્યવાહી કરવામાં આવશે અને જરૂરી ફાળવણીપત્ર જારી કરવામાં આવશે. જેમાં હાઇએસ્ટ બિડરે અપલોડ કરેલ ડોકયુમેન્ટ તથા OCA મુજબના દસ્તાવેજો સેલ્ફ એટેસ્ટેડ કરી ટેન્ડર ડોકયુમેન્ટમાં સૂચવેલ જગ્યાએ પોતાના નામ, સહી, હોદ્દો તથા સિકકા સાથેની હાર્ડ કોપી દિન-૩૦ માં **પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, જીઆઇડીસી** ખાતે રજુ કરવાની રહેશે. બિડર ધ્વારા ટેન્ડર કમ ઓકશનમાં ભાવ આપ્યા બાદ ટેન્ડરની સમયમર્યાદા પૂર્ણ થતાં સુધીના કોઇ પણ તબકકે પોતાના ભાવ પરત ખેંચી શકશે નહીં. બિડર ધ્વારા માંગણી મુજબના ડોકયુમેન્ટસ તેમજ ફાળવણીપત્રમાં દર્શાવેલ શરતોની પૂર્તતા સમયમર્યાદામાં રજૂ કરવામાં નહીં આવે તો, હાઇએસ્ટ બિડરને ડિસકવોલીફાઇડ બિડર તરીકે જાહેર કરવામાં આવશે તેમજ તેના ધ્વારા ભરપાઇ કરવામાં આવેલ ઇએમડીની રકમ જપ્ત કરવામાં આવશે.

૧૫. ટેન્ડરમાં માત્ર એક જ બિડર ધ્વારા સિંગલ બિડ ભરી સિંગલ ઓફર આપવાના સંજોગોમાં તેમજ ટેન્ડરમાં એક કરતાં વધુ બિડ ભરવામાં આવેલ હોવા છતાં માત્ર એક જ બિડર ધ્વારા આપવામાં આવેલ ઓફરના સંજોગોમાં ટેન્ડર ગ્રાહય રાખવા અંગે માન.ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી, જી.આઇ.ડી.સી.નો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૧૬. મિલકતની ફાળવણી કરવા અંગેની સક્ષમ સત્તાની મંજૂરી મળ્યા બાદ, ટેન્ડરરને મંજૂર કરેલ રકમ મુજબની જારી થયેલ ફાળવણીપત્રની સદરહુ રકમો નિયત સમયમાં ભરવામાં

આવશે તો પણ અત્રેથી નકકી કરેલ મુદ્દત મુજબ જ પરવાના પત્ર માન્ય ગણવાનો રહેશે. તેમજ આ સમય દરમ્યાન ઓફરદાર સાઇટ ઉપર કોઇ પણ પ્રકારે જાહેરાત કરી શકશે નહીં. આ ઉપરાંત ટેન્ડરર ધ્વારા ચાલુ ટેન્ડરની મુદત પૂર્ણ થાય તે પહેલાં ટેન્ડર છોડી દેવામાં આવશે તો તે ટેન્ડરરને ડીસ્કવોલીફાઇડ ગણવામાં આવશે.

૧૭. ઇ-ઓકશનમાં આવેલ બિડરો પૈકી પ્રથમ હાઇએસ્ટ બિડરની અર્નેસ્ટ મની ડીપોઝીટ સિવાયની મળેલ અન્ય બીડ માટે ઇ.એમ.ડી.ની રકમ સક્ષમ કક્ષાએથી મંજૂરી મળ્યા બાદ પરત કરવામાં આવશે.

૧૮. ઇ-ટેન્ડર કમ ઇ-ઓકશન અંગે કે તે બાદ કોઇપણ વાદ વિવાદ કે પ્રશ્નો ઉભા થશે કે કોઇ વિસંગતતા જણાઇ આવશે તો તે અંગે સક્ષમ સત્તાનો નિર્ણય/અર્થઘટન આખરી અને બંધનકર્તા રહેશે. ટેન્ડર સ્વીકારવું કે ન સ્વીકારવું તે જી.આઇ.ડી.સી.ની મુનસુફી પર નિર્ભર રહેશે.

૧૯. જીઆઇડીસીમાં કોઇ પણ પ્રકારની ડીપોઝીટ/ઇ.એમ.ડી. ઉપર કોઇ જ વ્યાજ મળવાપાત્ર રહેશે નહીં.

સહી રનારનું નામ તથા હોદ્દો :............................................
સંસ્થાનું નામ અને સિકકો :............................................
સંસ્થાનું સરનામું/સિકકો :............................................

તારીખ:-